**કૃપાકરી પ્રસિદ્ધિ માટે** **૭ માર્ચ ૨૦૧૪**

**શ્રી રામ નાઈક ભાજપ નેતા અને માજી પેટ્રોલિયમ પ્રધાન સાથે મુંબઈ અધ્યક્ષ ધારાસભ્ય ઍડ.આશિષ શેલારે ૭ માર્ચ ૨૦૧૪ ના રોજ મુંબઈ ખાતે પત્રકાર પરિષદમાં વિતરીત કરેલ નિવેદન**

**મુંબઈનાં કોંગ્રેસી સાંસદો દ્વારા સાંસદ નિધિ વાપરવા બાબતે અક્ષમ્ય બેદરકારી**

**મુંબઈ,શુક્રવાર :** "મુંબઈ ના કોંગ્રેસ અને રાષ્ટ્રવાદી ના ૬ સાંસદોએ તેમને મળનારી સાંસદ નિધિ નો પ્રજાના હિત માટે ઉપયોગ કરવામાં અક્ષમ્ય બેદરકારી દાખવેલ છે. તેના કારણો મુંબઈની જનતા ને આ સાંસદો એ કહેવા જોઈએ," આ મુજબનું આવ્હાન ભાજપ નેતા અને માજી પેટ્રોલિયમ પ્રધાન શ્રી રામ નાઈક અને મુંબઈ ભાજપ અધ્યક્ષ ધારાસભ્ય ઍડ.આશિષ શેલારે આજે એક સંયુકત પત્રકાર પરિષદમાં કરેલ છે.

આ બાબતે વધુ માહિતી આપતા શ્રી રામ નાઈકે કહ્યું હતું કે, "મુંબઈ માં સાંસદ શ્રી મિલિંદ દેવરા,ગુરૂદાસ કામત, એકનાથ ગાયકવાડ, શ્રી સંજય નિરૂપમ અને શ્રીમતી પ્રિયા દત્ત કોંગ્રેસના આ પાંચ સાંસદો છે. અને શ્રી સંજય પાટીલ રાષ્ટ્રવાદીના સાંસદ છે. આ ૬ એ સાંસદોને ૨૦૦૯-૨૦૧૦ થી ૨૦૧૩ - ૨૦૧૪ આ પાંચ વર્ષો માટે દરેકને ૧૯ કરોડ રૂ.ની સાંસદ નિધી ઉપલબ્ધ હતી. પરંતુ તેમાંથી તેમને ભારત સરકારે ૧૧ કરોડ ૮૫ લાખ રૂ. નિધી આપી કારણ કે નિયમમાં બેસે તેવા પ્રકારના કામો સૂચવીને તે કાર્યાન્વિત કરવામાં આ સાંસદો નિષ્ફળ ગયા છે. જેથી દરેક સાંસદને ૭ કરોડ ૧૫ લાખ રૂ. મળી શકયા નહીં. અર્થાત ૪૨ કરોડ ૯૦ લાખના કામો ન થઈ શકવાને કારણે મુંબઈ ના નાગરિકો ને મળનારી સગવડોથી વંચિત રહેવું પડયું છે. આના કારણો નું સ્પષ્ટીકરણ દરેક સાંસદોએ પોતાના મતદારસંઘના નાગરિકોને આપવું જોઈએ."

૨૦૦૯-૧૦ અને ૨૦૧૦-૧૧ આ બે વર્ષ માટે દરેક સાંસદને વર્ષમાં ૨ કરોડ તેમજ ૨૦૧૧-૧૨, ૨૦૧૨-૧૩ અને ૨૦૧૩-૧૪ આ ત્રણ વર્ષ માટે દર વર્ષ ના રૂ.૫ કરોડ પ્રમાણે કુલ ૧૯ કરોડ રૂપિયાનું ફંડ વપરાવું જોઈતું હતું. "મુંબઈનાં આ છ એ સાંસદોએ આવતા અઠવાડિયે નિધી ન વાપરવા ના કારણો જવાબદારી ના તત્વને અનુસરી ન કહ્યાં તો મુંબઈની પ્રજા તેમની આ અક્ષમ્ય બેદરકારીને કયારેય માફ નહીં કરે," તેમ પણ શ્રી રામ નાઈક અને શ્રી આશિષ શેલારે અંતે કહ્યું હતું.

**(કાર્યાલય સચિવ)**